| | | |
|---|---|---|
| GJAN090004342025 | सत्यमेव जयते | દાખલ તા. : ૨૨/૦૪/૨૦૨૫<br>રજી.લીધા તા. : ૨૨/૦૪/૨૦૨૫<br>ફેંસલ તા. : ૦૧/૦૮/૨૦૨૬<br>અવધિ : ૧ વર્ષ ૩ માસ ૧૦ દિવસ |

=====================================

**આંકલાવના મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.આંકલાવ**

=====================================

**ફો. કેસ નં.૩૩૫/૨૦૨૫**
**આંક :-**

**ફરીયાદી : સરકારશ્રી**

**વિરુધ્ધ**

**આરોપી : મુકેશભાઈ ઉર્ફે લાલજી નટુભાઈ ઉર્ફે ગાંતીયો જાતે પઢીયાર**
રહે.બામણગામ, ભાથીજી મંદિર પાસે, તનાટ વગો,
તા.આંકલાવ, જી.આણંદ

---

**ગુનો : ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ-૬૫(એ)(ઈ), ૧૧૬(ખ) મુજબ.**

---

**સરકાર તરફે : વિ.એ.પી.પી.શ્રી એસ.કે.રાવલ**
**આરોપીપક્ષ તરફે : વિ.વ.શ્રી વી.આર.ઉપાધ્યાય**

---

**-:: ચુકાદો ::-**

(૧) આ કામે ફરીયાદપક્ષ તરફથી ફરીયાદ હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૭/૦૨/૨૦૨૫ કલાક ૧૬/૧૫ થી ૧૭/૧૫ મોજે બામણગામ ભાથીજી મંદિર પાસે, તનાટ વગો, સુરેશભાઈ શનાભાઈ પઢીયાર નાઓના ઘર આગળ છાપરામાં બનાવેલ જાજરામાં વગર પાસ

પરમીટે ભારતીય બનાવટના કાચના તથા પ્લા.ના કવાટરીયા કુલ નંગ–૧૮૪ જેની કુલ કિં.રૂા.૧૮,૪૦૦/– નો મુદામાલ વેચાણ કરવા સારું રાખી મળી આવી પકડાઈ જઈ ગુનો કરેલ હોય, ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(ખ) મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે. સદર ફરીયાદના આધારે તપાસ કરનાર અમલદારે તપાસ પૂર્ણ કરી અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ.

(૨) ત્યારબાદ આરોપીને સમન્સ કરતા અને જે બજી જતા આરોપી હાજર થયેલ અને બી.એન.એસ.એસ. ની કલમ–૨૩૦ મુજબ આરોપીને પોલીસ પેપર્સની નકલો આપેલ છે. સદર કામે આંક–૦૪ થી આરોપી સામે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આરોપીની આંક–૦૫ થી પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરતાં, સદરહું કામના આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવા :–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરીયાદી અ.હે.કો. રણવીરસિંહ મહેન્દ્રસિંહ મહીડાની જુબાની | ૦૬ |
| ૦૨ | ત.ક.અ.શ્રી એ.એસ.આઈ. જાલમસિંહ મસુરસિંહ પરમારની જુબાની | ૦૮ |
| ૦૩ | પંચ સાહેદ જીગ્નેશભાઈ મનુભાઈ વાઘેલાની જુબાની | ૧૧ |
| ૦૪ | પંચ સાહેદ સંજયભાઈ બબુભાઈ પઢીયારની જુબાની | ૧૨ |

**<u>દસ્તાવેજી પુરાવા :–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરીયાદ | ૦૭ |
| ૦૨ | મુદ્દામાલ કબજે લીધેલાનું પંચનામું | ૦૯ |
| ૦૩ | એફ.એસ.એલ. રવાનગી પત્રક | ૧૨ |

(૪) ફરીયાદપક્ષ તરફે આ સિવાય અન્ય કોઈ મૌખિક કે લેખીત દસ્તાવેજી પુરાવો રજુ કરવા માંગતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતી પરથી ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ નહિ આવતાં આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ઉભયપક્ષે દલીલો સાંભળવામાં આવી.

(૫) ઉપરોકત હકીકતે કેસના ન્યાયિક નિર્ણય અને નિકાલ સારૂં નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત છે.

**:: મુદ્દા ::**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૭/૦૨/૨૦૨૫ કલાક ૧૬/૧૫ થી ૧૭/૧૫ મોજે બામણગામ ભાથીજી મંદિર પાસે, તનાટ વગો, સુરેશભાઈ શનાભાઈ પઢીયાર નાઓના ઘર આગળ છાપરામાં બનાવેલ જાજરામાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટના કાચના તથા પ્લા.ના કવાટરીયા કુલ નંગ–૧૮૪ જેની કુલ કિં.રૂા.૧૮,૪૦૦/– નો મુદામાલ વેચાણ કરવા સારું રાખી મળી આવી પકડાઈ જઈ ગુનો કરી ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(ખ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

➢ **<u>મુદ્દા નં.૧ અને ૨ :–</u>**

(૭) ફરીયાદ પક્ષે મુદ્દામાલ કબજે કરેલાનું પંચનામું આંક–૦૯ થી રજૂ કરેલ છે. સદર પંચનામાના પંચ સાહેદ જીગ્નેશભાઈ મનુભાઈ વાઘેલાને

આંક–૧૧ થી તથા પંચ સાહેદ સંજયભાઈ બબુભાઈ પઢીયારને આંક–૧૨ થી તપાસેલા છે. સદર પંચ સાહેદોની જુબાની વંચાણે લેતાં તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલાનું જણાવે છે. પંચનામાની વિગતો અંગે તેઓને કોઈ માહિતી ન હોવાનું ફલિત થાય છે. સદર પંચસાહેદો ફરી ગયેલા છે અને વિ.એ.પી.પી.શ્રીની વધુ તપાસમાં પણ ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી જુબાનીઓ આપતા નથી. આ સંજોગોમાં પંચનામાની વિગતો પુરવાર થતી ન હોય મુદ્દામાલ આરોપીના કબજામાંથી મળી આવ્યાની હકીકત શંકાસ્પદ બને છે, જેનો લાભ આરોપીને મળવાપાત્ર બને છે.

(૮) ફરીયાદપક્ષે ફરીયાદી અ.હે.કો. રણવીરસિંહ મહેન્દ્રસિંહ મહીડા નાઓને આંક–૦૬ થી તપાસી આંક–૦૭ થી ફરીયાદ રજૂ કરેલ છે, જયારે ત.ક.અ.શ્રી એ.એસ.આઈ. જાલમસિંહ મસુરસિંહ પરમાર નાઓને આંક–૦૮ થી તપાસી આંક–૦૯ થી એફ.એસ.એલ. રવાનગી પત્રક રજૂ કરેલ છે. અત્રે એ નોંધ લેવી ઘટે છે કે, હાલના કામે તપાસનીશ અધિકારીએ પોલીસ સાહેદો સિવાય કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદનો લીધેલ નથી તેમજ તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન કારક પુરાવો આપેલ છે, પરંતુ બંને પંચ સાહેદોએ ફરીયાદ પક્ષની તરફેણમાં લેશમાત્ર પુરાવો આપેલ નથી, પંચ સાહેદોએ માત્ર પંચનામામાં તેમની સહી ઓળખી બતાવેલ છે. આમ, ત.ક.અ.શ્રી ના પુરાવાને બંને પંચ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. વધુમાં બનાવવાળી જગ્યાની પરિસ્થિતિ જોતાં સ્વતંત્ર સાહેદો સહેલાઈથી ઉપલબ્ધ થઈ શકે તેમ હતા, તેમ છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. આમ, આ કામે તટસ્થ અને સ્વતંત્ર સાહેદી પુરાવાનો અભાવ છે. સદરહું કામે પોલીસ સાહેદોની જુબાનીને અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોની જુબાનીથી કોઈ સમર્થન મળેલ નથી તેમજ બંને પંચ સાહેદોના પુરાવાથી ફરીયાદ પક્ષને લેશમાત્ર સમર્થન મળતુ નથી, એવા સંજોગોમાં માત્ર પોલીસ સાહેદોની જુબાની ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેમજ પંચોની હાજરીમાં પંચનામામાં જણાવેલ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તેવું ફરીયાદ પક્ષના પુરાવાથી સાબિત થતું નથી.

(૯) આમ, સદરહું સાહેદોનો પુરાવો લક્ષમાં લેતાં, આરોપીના કબ્જામાંથી ફરીયાદ પક્ષના કેસ મુજબ મુદ્દામાલ ઈંગ્લીશ દારૂની બોટલો મળી આવેલાનું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. વધુમાં સદરહુ ગુનો ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(ખ) મુજબનો ગુનો છે. ગુનામાં કબજે લીધેલ મુદ્દામાલ પર ભારતીય બનાવટની વિદેશી દારૂ અંગે કાયદામાં કલમ–૧૧૬ (ખ) હેઠળ જે અનુમાન મુકવામાં આવેલ છે તેવું અનુમાન ત્યારે જ થઈ શકે કે જયારે આરોપીની ગુનામાં સક્રિય ભૂમિકા પ્રસ્થાપિત થયેલ હોય અને મુદ્દામાલ ઈંગ્લીશ દારૂના જથ્થાનો કબજો આરોપી પાસે હોવાનું પુરવાર થયેલ હોય હાલના કામે અગાઉ કરેલ ચર્ચા મુજબ જોતાં મુદ્દામાલ કબજે કરેલ પંચનામું તેના સ્વતંત્ર એવા પંચ સાહેદોના સોગંદ ઉપરના પુરાવાથી પુરવાર થઈ શકેલ નથી અને વધુમાં કબજે લેવાયેલ મુદ્દામાલ દારૂના જથ્થા ઉપરના સીલ ઓરીજીનલ હોવા અંગે તપાસ અધિકારીએ કોઈ તપાસ કરેલ હોય તેમ જણાતું નથી.

(૧૦) હાલના કામે કેસની હકીકત જોવામાં આવે તો, ફરીયાદ પક્ષે પોતાનો કેસ યોગ્ય રીતે સાબિત કરવા માટે ગુનાવાળી જગ્યાની આજુબાજુમાંથી ઘણા સ્વતંત્ર વ્યકિતઓને સાહેદ તરીકે તપાસના કામે તપાસી શક્યા હોત અને તેમ કરવાથી તેઓ પોતાનો કેસ વધુ સારી રીતે સાબિત કરી શક્યા હોત. પરંતુ હાલના કામે તેવુ કાંઈ કરવામાં આવેલ નથી જે શંકાને સ્થાન આપે છે. આમ, સદર કેસની ન્યાયિક કાર્યવાહીના અંતે ફરીયાદ પક્ષના કેસમાં ઘણી ક્ષતીઓ અને વિરોધાભાસી હકીકતો જણાઈ આવે છે. આમ, તમામ હકીકતો ધ્યાને રાખતા આરોપી વિરુધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ છે.

(૧૧) ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૦૪ વંચાણે લેતાં ફરીયાદ પક્ષનો કેસ સાબિત કરવાનો બોજો ફરીયાદ પક્ષના શીરે છે, પરંતુ હાલના કામે તમામ હકીકતો, સંજોગો તથા રેકર્ડ ધ્યાને લેતા ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંક પણે સાબિત કરવામાં તદ્દન નિષ્ફળ ગયેલ હોવાનું તથા ક્રિમીનલ જયુરીસ્પુડન્સના સિધ્ધાંત મુજબ મળવા પાત્ર શંકાનો લાભમેળવવા આરોપી હકદાર થતા હોવાનું અત્રેની અદાલતનું નમપણે માનવું છે. જેથી

તેનો લાભ આરોપીને મળવા પાત્ર હોય, ઉપરોકત મુદ્દા નં.૧ નો જવાબ 'નકાર' માં ઠરાવી મુદ્દા નં.ર પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આ કામના આરોપી મુકેશભાઈ ઉર્ફે લાલજી નટુભાઈ ઉર્ફે ગાંતીયો જાતે પઢીયાર, રહે.બામણગામ, ભાથીજી મંદિર પાસે, તનાટ વગો, તા.આંકલાવ, જી.આણંદ નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઇ), ૧૧૬(ખ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ અગાઉ આપેલ જામીન તથા જાત મુચરકો બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

હુકમ, આજરોજ તારીખ : ૦૧, માહે : ઓગષ્ટ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧/૦૮/૨૦૨૬
સ્થળ : આંકલાવ

**(એ.બી.સિંઘવી)**
જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
આંકલાવ
જજ કોડ જી.જે.૦૧૫૮૬

(M.M.Pathan)
Stenographer